તારીખ : 20/09/2026




## સદભાવના ગ્રુપના દરબાર માં દાદાની ભક્તિ સાથે સેવા કાર્યની પણ સુવાસ

# સાવરકુંડલા સદભાવના ગ્રુપ દ્વારા ગણેશ મહોત્સવ નિમિત્તે આજે અમરનાથ દર્શન સાથે રક્તદાન કેમ્પ

સાવરકુંડલા શહેરમાં સદભાવના ગ્રુપ દ્વારા ગણેશ મહોત્સવ નિમિત્તે ધાર્મિક ભાવના સાથે સેવાકીય પ્રવૃત્તિનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આજે 200 ફૂટ લાંબી ગુફા સાથે અમરનાથ દર્શનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જે શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.આ સાથે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રક્તદાન કરનાર દાતાઓને 3 ગિફ્ટ તેમજ નિ:શુલ્ક બોડી ચેકઅપની સુવિધા આપવામાં આવશે. સેવાભાવ સાથે યોજાનાર આ રક્તદાન કેમ્પમાં શહેરના યુવાનો તેમજ સેવાભાવી નાગરિકોને મોટી સંખ્યામાં જોડાવા માટે અપીલ કરવામાં આવી છે.આ સમગ્ર આયોજન સાવરકુંડલા શહેરમાં જે.વી. મોદી હાઈસ્કૂલ પાછળના ગ્રાઉન્ડ ખાતે યોજાશે. કાર્યક્રમનો સમય સાંજે 5:00થી રાત્રે 11:00 કલાક સુધીનો રહેશે.ગણેશ મહોત્સવની ધાર્મિક ઉજવણી સાથે માનવસેવાનો સંદેશ આપતા આ આયોજનથી ભક્તિ અને સેવાભાવનું સુંદર સંમિશ્રણ જોવા મળશે. ગણપતિ બાપાના આશીર્વાદ સાથે રક્તદાન દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓના જીવન બચાવવાના પવિત્ર કાર્યમાં નાગરિકો જોડાય તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ક્રે.ડે. NEWS
તારીખ : 20/09/2026

# સાવરકુંડલા નાગરિક સહકારી બેંકના હોદ્દેદારોની બિનહરીફ વરણી



સાવરકુંડલા નાગરિક સહકારી બેંકના નવા હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જિલ્લા ભાજપ તેમજ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી પ્રક્રિયામાં બેંકના ચેરમેન તરીકે *ધર્મેન્દ્રભાઈ ચોહાણ, વાઈસ ચેરમેન તરીકે **રૂપલબેન ત્રિવેદી* તથા મેનેજિંગ ડિરેક્ટર (એમ.ડી.) તરીકે *ગૌતમ સાવજ*ની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.બેંકના હોદ્દેદારોની બિનહરીફ વરણી થતાં કાર્યકરો, આગેવાનો તથા બેંક સાથે જોડાયેલા સભ્યોમાં આનંદની લાગણી જોવા મળી હતી. નવી ટીમને બેંકના વિકાસ, ગ્રાહકોને વધુ સારી બેંકિંગ સેવાઓ તેમજ સહકારી ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાની દિશામાં કામગીરી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.આ પ્રસંગે સાવરકુંડલા સ્થિત *અટલધારા કાર્યાલય* ખાતે નવનિયુક્ત હોદ્દેદારો તથા ઉમેદવારોનું સન્માન કરી તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનો અને કાર્યકરોએ નવી જવાબદારી સંભાળનાર હોદ્દેદારોને અભિનંદન પાઠવી આગામી સમયમાં બેંક વધુ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.આ પ્રસંગે જિલ્લા ભાજપના આગેવાનો, સ્થાનિક પદાધિકારીઓ, કાર્યકરો તથા સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સૌએ નવી ટીમને સહકાર અને માર્ગદર્શન આપવાની લાગણી વ્યક્ત કરી હતી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 20/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વિશ્વાસ ઓટો કન્સલ્ટ

## મોડલ ૨૦૧૩ થી ૨૦૨૬ સુધીના તમામ કારની કંપનીના મોડલ હાજરમાં...

### હવેથી નવા સરનામે

### એકયુરેટ હીરોના શો રૂમની સામે, મહુવારોડ, સાવરકુંડલા




## સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.

ક્રેટા, સ્વીફ્ટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફ્ટ ડીઝાયર, આઈ-10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોકસ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...

**નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો.**

**એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ..**

**આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો...**

હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી
મો. 98248 17492

હાજી અમજદભાઈ એસ. શેખાણી
મો. 95742 02753

જુનેદભાઈ એસ. શેખાણી
મો. 97235 95955

કે.ડી. NEWS

તારીખ : 20/09/2026

# પૂંજાપાદર ગામે વિશાળ ઔદ્યોગિક પ્રોજેક્ટનું ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત



અમરેલી જીલ્લાના લીલિયા તાલુકાના પૂંજાપાદર ગામ ખાતે સ્થાનિક સ્તરે સાકાર થનારા વિશાળ ઔદ્યોગિક પ્રોજેક્ટનું વિધિવત ભૂમિપૂજન તથા ખાતમુહૂર્ત સાવરકુંડલા-લીલિયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે ખાતમુહૂર્તની ધાર્મિક વિધિ સંપન્ન કરવામાં આવી હતી.આ પ્રસંગે રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ આસપાસના ગામોના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રોજેક્ટના પ્રારંભને લઈને સમગ્ર વિસ્તારમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.લીલિયા, ગોઠાવદર અને પૂંજાપાદર સહિત સમગ્ર ત્રિવેણી ધામ વિસ્તારના સર્વાંગી વિકાસની દિશામાં આ ઔદ્યોગિક પ્રોજેક્ટ મહત્વપૂર્ણ બની રહેશે. સ્થાનિક સ્તરે ઉદ્યોગના વિકાસ સાથે યુવાનો માટે ઘરઆંગણે રોજગારીની નવી તકોનું નિર્માણ થાય અને રોજગારી માટે



થતું સ્થળાંતર ઘટે તે દિશામાં આ પહેલ મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.આ પ્રોજેક્ટના કારણે સમગ્ર પંથકમાં વેપાર-ઉદ્યોગને વેગ મળવાની સાથે સ્થાનિક અર્થતંત્રને પણ ગતિ મળે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસની નવી દિશા ખોલતી આ પહેલને સ્થાનિક લોકો દ્વારા આવકારવામાં આવી હતી.આ પ્રસંગે રામાણી પરિવાર તથા સમગ્ર ટીમને આ પ્રેરણાદાયી અને વિકાસલક્ષી પહેલ બદલ હાર્દિક અભિનંદન તથા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સોનિકની ૧૦૦% ગેરંટી!!!

## ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ!!!


**સોનિક® જવેલર્સ લી.**

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.ડી. NEWS

તારીખ : 20/09/2026

# લીલીયા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ના પ્રયાસો થી લીલીયા-લાઠી માર્ગ માટે રૂ. 30 કરોડની માતબર રકમ મંજૂર





## ભાવનગર-રાજકોટને જોડતા મહત્વપૂર્ણ માર્ગના નવીનીકરણથી આમ જનતાને મોટી રાહત મળશે

## લીલીયા-લાઠી વિસ્તારના ભાજપ સંગઠન અને સ્થાનિક આગેવાનોએ હર્ષની લાગણી સાથે આભાર વ્યક્ત કર્યો

લીલીયા અને લાઠી વિસ્તારના સ્થાનિક નાગરિકો તેમજ વાહન ચાલકોની વર્ષો જૂની માંગણીનો આખરે સુખદ અંત આવ્યો છે.લીલીયા મતવિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સઘન પ્રયાસોના પરિણામે ગુજરાત સરકાર દ્વારા લીલીયા-લાઠી માર્ગના વિકાસ અને નવીનીકરણ માટે રૂ. 30 કરોડ જેવી માતબર રકમ મંજૂર કરવામાં આવી છે.આ માર્ગ માત્ર બે તાલુકાઓને જ નહીં, પરંતુ ભાવનગર અને રાજકોટ જેવા રાજ્યના મુખ્ય શહેરોને પણ જોડતો અત્યંત મહત્વપૂર્ણ રસ્તો હોવાથી, તેના નવીનીકરણથી આમ જનતા, વેપારીઓ અને વાહનચાલકોને અવરજવરમાં ભારે સાનુકૂળતા રહેશે. માર્ગ સુધરવાથી વાહનવ્યવહાર ઝડપી, સુરક્ષિત અને સરળ બનશે, જેનાથી સમગ્ર વિસ્તારના આર્થિક અને સામાજિક વિકાસને પણ નવી ગતિ મળશે.રૂ. 30 કરોડની ગ્રાન્ટ મંજૂર કરવા બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ગુજરાતના મૃદુ અને દ્રઢ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સમગ્ર વિસ્તારની જનતા વતી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "પ્રજાલક્ષી કાર્યો માટે રાજ્ય સરકાર હંમેશાં કટિબદ્ધ છે અને આ માર્ગ બનવાથી પ્રદેશના વિકાસને નવી ઊંચાઈ મળશે."લીલીયા-લાઠી માર્ગ મંજૂર થવાના આ નિર્ણયને આવકારીને જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી સહિતના સ્થાનિક હોદ્દેદારો તેમજ ભાજપ કાર્યકરોએ પણ આનંદ અને હર્ષની લાગણી વ્યક્ત કરી હતી અને પ્રજાહિતના આ નિર્ણય બદલ રાજ્ય સરકાર તેમજ ધારાસભ્યશ્રીનો આભાર આ તકે માન્યો હતો...

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 20/09/2026

# સેવા સંકલ્પ અભિયાન-2026 અંતર્ગત સાવરકુંડલા શ્રી સરસ્વતી વિદ્યામંદિરમાં વકૃત્વ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન

સેવા સંકલ્પ અભિયાન-2026 અંતર્ગત સર્વેશ્વર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી વિદ્યામંદિર, સાવરકુંડલા ખાતે વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાને પ્રોત્સાહન આપવા તેમજ સર્જનાત્મકતા, અભિવ્યક્તિ કૌશલ્ય અને આત્મવિશ્વાસમાં વધારો થાય તે હેતુથી વકૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.વકૃત્વ સ્પર્ધામાં ધોરણ ૬થી ૮ તથા ધોરણ ૯થી ૧૦ એમ બે વિભાગ રાખવામાં આવ્યા હતા. બંને વિભાગમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવી કુલ છ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.તે જ રીતે ચિત્ર સ્પર્ધામાં પણ ધોરણ ૬થી ૮ તથા ધોરણ ૯થી ૧૦ એમ બે વિભાગમાં સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને વિભાગમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવી કુલ છ વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મક પ્રતિભા રજૂ કરી હતી.આ બંને સ્પર્ધાઓમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની વિવિધ પ્રતિભાઓનું સુંદર પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તથા વિજેતા વિદ્યાર્થીઓને હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા અને તેમને વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવા માટે પ્રેરણા મળે તેવા આવા કાર્યક્રમો શાળામાં યોજાતા રહે તે પણ મહત્વપૂર્ણ છે. સ્પર્ધાના સફળ આયોજનમાં સહયોગ આપનાર તમામ




સ્ટાફમિત્રો તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપનાર વાલીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.ભવિષ્યમાં પણ શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભાને ઉજાગર કરે અને ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 20/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

સેલ...સેલ...સેલ... શ્રી ૧। ફક્ત ૫ દિવસ માટે..

# સહેલી ડ્રેસીસ

નવી જ વેરાયટીઓ, નવી જ ડીઝાઇનમાં ફેન્સી

જયપુરી, કોટનપેર રૂા. ૨૫૦૦ માં બે જોડી
તેમજ બ્રાન્ડેડ સિલ્ક પેર રૂા. 3000 માં
બે જોડી તેમજ બ્રાન્ડેડ કુર્તી ફક્ત
રૂા. ૧૫૦૦ માં 3 કુર્તી (સાઇઝ M,L,XL)

કોટનપેર, જયપુરી ફક્ત
રૂા. ૨૦૦૦ માં બે જોડી

ફેન્સી કુર્તી, લોંગ, સિફોન, જોરજર,
કોટન કુર્તી ફક્ત રૂા. ૨૦૦ માં..


# સહેલી ડ્રેસીસ

ગાંધીચોક, દાસ પેંડાવાળાની બાજુમાં,
સા.કું. મો. 86908 74911

તારીખ : 20/09/2026

# અમરેલીમાં 27 સપ્ટેમ્બરે વિશાળ મહા યોગ શિબિરનું આયોજન

## સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાનારી શિબિરમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત



અમરેલીમાં યોગને જન-જન સુધી પહોંચાડવાના હેતુથી સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વિશાળ મહા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તા. 27 સપ્ટેમ્બર, રવિવારના રોજ સાંજે 4:45થી 7:00 કલાક દરમિયાન ચિતલ રોડ સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સરદાર પટેલ રમત સંકુલ ખાતે આ મહા યોગ શિબિર યોજાશે.યોગના માધ્યમથી સ્વસ્થ જીવનશૈલી અને શારીરિક-માનસિક સુખાકારીનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે યોજાનારી આ શિબિરમાં યુવાનો, મહિલાઓ, વડીલો સહિત પરિવારજનો તથા યોગપ્રેમીઓને મોટી સંખ્યામાં જોડાવા માટે આહ્વાન કરવામાં આવ્યું છે.મહા યોગ શિબિરમાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત રાખવામાં આવ્યું છે. રજીસ્ટ્રેશન પૂર્ણ કર્યા બાદ મળનાર I D Card/QR Pass ડાઉનલોડ કરીને શિબિરના દિવસે સાથે લાવવાનો રહેશે. પ્રવેશદ્વાર પર QR કોડ સ્કેન કર્યા બાદ જ શિબિરમાં પ્રવેશ આપવામાં આવશે.વિશાળ સંખ્યામાં યોગપ્રેમીઓ જોડાય તેવી સંભાવનાને ધ્યાનમાં રાખીને આયોજકો દ્વારા જરૂરી વ્યવસ્થાઓ અને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. અમરેલી શહેર અને આસપાસના વિસ્તારના નાગરિકો પરિવાર સાથે આ મહા યોગ શિબિરમાં જોડાઈને યોગના માધ્યમથી સ્વસ્થ જીવન તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 20/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કે.ડી NEWS

તારીખ : 20/09/2026



# સરકેશ્વર દરિયાકિનારે બીચ ક્લીનઅપ અભિયાન યોજાયું



અમરેલી જીલ્લાના જાફરાબાદ મરીન પોલીસ, કોસ્ટગાર્ડ પીપાવાવ, શાળાના વિદ્યાર્થીઓ તેમજ S R D ના સભ્યો દ્વારા સરકેશ્વર દરિયાકિનારે સ્વચ્છતા અભિયાન અંતર્ગત બીચ ક્લીનઅપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ અભિયાન દરમિયાન સહભાગીઓએ દરિયાકિનારે પડેલા કચરા તથા પ્લાસ્ટિક સહિતના કચરાનું એકત્રિકરણ કરી દરિયાકિનારાની સફાઈ હાથ ધરી હતી. વિદ્યાર્થીઓ અને વિવિધ ટીમના સભ્યોએ ઉત્સાહપૂર્વક જોડાઈ સ્વચ્છતા અંગે જનજાગૃતિનો સંદેશ આપ્યો હતો.દરિયાઈ પર્યાવરણનું જતન, સ્વચ્છ દરિયાકિનારો અને પ્લાસ્ટિકમુક્ત પર્યાવરણના સંકલ્પ સાથે યોજાયેલા આ અભિયાનમાં સૌએ સ્વચ્છતા જાળવવા અને દરિયાઈ પર્યાવરણને સુરક્ષિત રાખવા અપીલ કરી હતી.

તારીખ : 20/09/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# જોઇએ છે...

## ટયુબલાઇટના ધોકા ઉડી ગયેલા બંધ કે ચાલુ, નવા કે જુના...

: સંપર્ક :

મો. 94272 51875

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 20/09/2026

# ધારીમાં બજરંગ ગ્રુપ દ્વારા ૨૦૦૦થી વધુ બાળકોને સમૂહ ભોજન કરાવાયું

## 'બજરંગ ગ્રુપ કા રાજા' ગણેશોત્સવ અંતર્ગત સેવાકીય પ્રવૃત્તિનું આયોજન



અમરેલી જિલ્લાના ધારી શહેરમાં બજરંગ ગ્રુપ દ્વારા આયોજિત 'બજરંગ ગ્રુપ કા રાજા' ગણેશોત્સવ અંતર્ગત સેવાકીય ભાવનાને ઉજાગર કરતું બટુક ભોજન યોજાયું હતું. આ પ્રસંગે ધારી નગરપાલિકા વિસ્તાર તેમજ આસપાસની પ્રાથમિક શાળાઓના ૨૦૦૦થી વધુ બાળકોએ સમૂહ ભોજનનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.બાળકોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ગણેશોત્સવની ઉજવણીને માત્ર ધાર્મિક ભાવના પૂરતી મર્યાદિત ન રાખી સેવાકાર્ય સાથે જોડવાના આ પ્રયાસને સૌએ આવકાર્યો હતો.આ સમૂહ ભોજનના સમગ્ર ખર્ચનો સહયોગ મુંબઈના દાતા જીતુભાઈ કાળુભાઈ ઢાંકણ દ્વારા આપવામાં આવ્યો હતો. તેમના સહયોગથી મોટી સંખ્યામાં બાળકો માટે ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.બાળકોને ભોજન કરાવવાના આ સેવાકાર્યને સફળ બનાવવા બજરંગ ગ્રુપના તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક જહેમત ઉઠાવી વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો. ગણેશોત્સવ દરમિયાન યોજાયેલ આ સેવાકીય પ્રવૃત્તિ ધારી શહેરમાં સામાજિક સેવા અને માનવતાની ભાવનાનું સુંદર ઉદાહરણ બની હતી.

તારીખ : 20/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

**બ્રાન્ડ તો**

**બનાવવી જ પડે..**

ડીઝીટલ પ્લેટફોર્મ પર
હરણફાળ ભરનાર

પ્રકાશ® પ્રિન્ટર્સ

હંમેશા એક કદમ આગળ...




તમારો પોતાનો ધંધો ઓનલાઈન લોન્ચ કરો
અને બનાવો તમારા પોતાના

**ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ**

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ
તમારા બિઝનેસને આપો

**એક નવી ડિજિટલ ઓળખ !**

પ્રતિ વર્ષ માત્ર **299** + GST

- તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
- તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
- Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
- તમારા બિઝનેસ માટે Video Gallery
- Customer Reviews દર્શાવવાની સુવિધા
- WhatsApp Direct Contact ની સુવિધા
- Google Map Location ઉમેરવાની સુવિધા
- તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
- તમારી Digital Profile માટે QR Code
- Digital Visiting Card બનાવવાની સુવિધા
- Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

: વધુ માહિતી માટે સંપર્ક :

**દોશી કાંતિલાલ દલીચંદ**

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

ડીઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ,
ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....




# આભાર માનીએ જીવનનો...

રોજબરોજના જીવનમાં આપણે એટલા વ્યસ્ત થઈ ગયા છીએ કે ઘણી વખત પોતાની જાત માટે થોડો સમય કાઢવાનું પણ ભૂલી જઈએ છીએ. નાની-નાની બાબતોમાં આપણે બીજાને “થેન્ક યુ” કહીએ છીએ, ભૂલ થાય તો માફી પણ માંગીએ છીએ; પરંતુ ક્યારેક પોતાની જાતનો આભાર માનવાનું અને પોતાના જીવનનો આભાર માનવાનું પણ શીખવું જોઈએ.જીવને આપણને ઘણું બધું શીખવ્યું છે—એવું પણ, જેની આપણે ક્યારેય કલ્પના કરી ન હોય. કેટલીક પરિસ્થિતિઓ એવી આવી હશે, જે તે સમયે આપણને ખૂબ મુશ્કેલ લાગી હશે; પરંતુ એ જ પરિસ્થિતિઓએ આપણને અંદરથી વધુ મજબૂત બનાવ્યા હશે. મહેનત, ઈશ્વરના આશીર્વાદ, નિષ્ઠા અને ધીરજના સહારે આપણે જીવનમાં ઘણું બધું મેળવી શક્યા છીએ.એટલે ક્યારેક થોભીને જીવનને પણ કહેવું જોઈએ—“આભાર... મને આટલું બધું શીખવવા બદલ.”આપણા જીવનમાં નાની-નાની ખુશીઓ આપનાર દરેક વ્યક્તિનો પણ આભાર માનવો જોઈએ. કોઈના એક શબ્દે આપણને હિંમત આપી હશે, કોઈના સાથથી મુશ્કેલી સરળ બની હશે, તો કોઈના પ્રેમે જીવનને વધુ સુંદર બનાવ્યું હશે.આપણે ત્યાં કહેવાય છે કે “આ જીવન આજીવન નથી.”તો પછી આ મળેલા જીવનમાંથી થોડો સમય પોતાની જાત માટે પણ કાઢવો જોઈએ. પોતાની સાથે વાત કરવી જોઈએ, પોતાના મનને સમજવું જોઈએ અને પોતાની સફરને થોડું પાછળ વળીને જોવી જોઈએ.જીવન પણ એક ગણિત જેવું છે. તેમાં અચાનક સમસ્યાઓ આવશે, ક્યારેક સૂત્રો યાદ નહીં આવે, તો ક્યારેક યોગ્ય પદ્ધતિ શોધવામાં પણ સમય લાગશે. પરંતુ દરેક પ્રશ્નનો કોઈ ને કોઈ ઉકેલ હોય છે—જરૂર હોય છે માત્ર ધીરજ, સમજણ અને પ્રયત્નની.વર્ષો સુધી આપણે મનોવિજ્ઞાનને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ—મનનું વિજ્ઞાન, વર્તનનું વિજ્ઞાન. અંતે કદાચ એક વાત સમજાય છે કે આપણું વર્તન એવું હોવું જોઈએ કે બીજાને પણ યોગ્ય લાગે અને પોતાની જાતને પણ પોતાના વર્તન પર ગૌરવ થાય.જીવન સંપૂર્ણ નથી અને કદાચ ક્યારેય સંપૂર્ણ બનશે પણ નહીં. પરંતુ જીવનને સુંદર બનાવવાની તક દરરોજ આપણી પાસે હોય છે.એટલે ફરી એકવાર આ રવિવારે એટલું જ કહીએ—આભાર માનીએ જીવનનો...આભાર માનીએ પોતાની જાતનો...આભાર માનીએ એ દરેક વ્યક્તિનો, જેણે આપણી જિંદગીમાં નાની કે મોટી ખુશી ઉમેરેલી છે.કારણ કે જીવન માત્ર જીવવાનું નથી,જીવનને સમજવાનું, સ્વીકારવાનું અને દરેક ક્ષણ માટે આભાર માનવાનું પણ છે.

—મલય એમ વ્યાસ

પ્રકાશ પ્રિન્ટર્સ

# તમારા બિઝનેસ
# લોગો અને ડિટેલ સાથે
# પોસ્ટર મેળવો

માત્ર
**રૂ. 249**
1વર્ષ

**7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ** (આપની ચોઈસની)

## વોટ્સેપ + ફેઈસબુક + ઈન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે


ફેસ્ટીવલ ઈમેજ


ગુડ મોર્નિંગ પોસ્ટ


ગુડ નાઈટ પોસ્ટ


બર્થ ડે પોસ્ટ


પોલીટીકલ પોસ્ટ


સુવિચાર પોસ્ટ


મોટીવેશનલ પોસ્ટ


સ્પેશ્યલ કેટેગરી


સુપ્રસિધ્ધ સ્થાનીક સંતો
મહંતોના જન્મ જયંતી
તેમજ જન્મદિવસની
પોસ્ટ સમાવેશ

## તો આજેજ ડાઉનલોડ કરો

આપનાં એન્ડ્રોઈડ મોબાઈલનાં
પ્લેસ્ટોરામાં જઈને

GET IT ON
Google Play

# PRAKASH PRINTERS

વધારે માહિતી માટે સંપર્ક - મો. **9409545745**

તારીખ : 20/09/2026

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક



અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેડોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838


કે.ડી NEWS ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

કે.ડી. NEWS

તારીખ : 20/09/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"પાણી જો શેરડી તરફ વળે છે તો મીઠાશને પુષ્ટ કરે છે અને રાઈ તરફ વળે છે તો તીખાશને પુષ્ટ કરે છે. મનનો રસ જો સ્વનિંદા સાંભળી લેવા તરફ વળે છે તો જીવનમાં ચમત્કાર સર્જાતા રહે છે, પણ જો સામાની નિંદા કરતા રહેવા તરફ વળે છે તો હાહાકાર સર્જાઈને જ રહે છે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva®

**3521**
**20/09/2026**
**Sunday**

## आत्मा

गुरुचरण वह स्थान है
जहाँ "समर्पीत" साधकों
की सदैव सामुहीकता
रहती है।

बाबास्वामी
20/9/2026




'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 20/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ગલગલીયા

પત્ની: આજે રવિવાર છે, વહેલા કેમ ઊઠી ગયા?
પતિ: સપનામાં કોઈ મને કામ કરવા બોલાવતું હતું!
પત્ની: કોણ?
પતિ: મારું એલાર્મ!

---

મમ્મી: આજે રવિવાર છે, ઘરનું કોઈ કામ કરી દે.
દીકરો: મમ્મી, રવિવાર તો આરામ માટે હોય!
મમ્મી: સારું, તો આખો દિવસ આરામ કરજે...
દીકરો: વાહ!
મમ્મી: અને આરામ કરતી વખતે મારું કામ જોતા રહેજે!

---

પતિ: આજે રવિવાર છે, બહાર જમવા જઈએ?
પત્ની: પૈસા છે?
પતિ: ના.
પત્ની: તો પછી?
પતિ: ઘરે જમીએ... અને બહાર જમ્યા જેવી કલ્પના કરીએ!

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 20/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 20 સપ્ટેમ્બર
# મહત્વની ઘટનાઓ

૧૮૫૭ – ઈસ્ટ ઈન્ડિયા કંપનીને વફાદાર સૈનિકો દ્વારા દિલ્હી પર ફરીથી કબજો મેળવીને

૧૮૫૭ની ભારતીય ક્રાંતિને સમાપ્ત કરવામાં આવી.

૧૯૪૬ – પ્રથમ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ યોજાયો.

૧૯૭૭ – વિયેતનામ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં દાખલ થયું.

૧૯૯૦ – દક્ષિણ ઈસ્ટોનિયાએ જ્યોર્જિયાથી સ્વતંત્રતાની ઘોષણા કરી.

## જન્મ

૧૯૦૯ – ગુલાબદાસ બ્રોકર, ગુજરાતી વાર્તાકાર, નાટ્યલેખક, પ્રવાસલેખક, વિવેચક, જીવનચરિત્રલેખક, સંપાદક (અ. ૨૦૦૬)

૧૯૧૧ – પં. શ્રીરામ આચાર્ય, અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના સ્થાપક.

૧૯૩૪ – રાજિન્દર પુરી, ભારતીય કાર્ટૂનિસ્ટ, પત્રકાર અને કાર્યકર્તા (અ. ૨૦૧૫)

૧૯૪૬ – માર્કન્ડેય કાત્જુ, ભારતીય વકીલ અને ન્યાયાધીશ

૧૯૪૯ – મહેશ ભટ્ટ, ભારતીય દિગ્દર્શક, નિર્માતા અને પટકથા લેખક

## અવસાન

૧૯૪૨ – કનકલતા બરુઆ, ભારતીય સ્વાતંત્ર્ય સેનાની (જ. ૧૯૨૪)

૧૯૫૪ – રમણલાલ દેસાઈ, ગુજરાતી નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર, કવિ (જ. ૧૮૯૨)

૨૦૦૮ – પ્રભા ખેતાન, ભારતીય નવલકથાકાર, કવિ, ઉદ્યોગ સાહસિક અને નારીવાદી (જ. ૧૯૪૨)

૨૦૧૫ – જગમોહન દાલમિયા, ભારતીય ઉદ્યોગપતિ (જ. ૧૯૪૦)

તારીખ : 20/09/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




84K

56K

43K

100K

**સંપર્ક : મો. 94997 97973**